# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

જૂન – ૨૪ | વર્ષ : ૬૦
વર્ષ : જાન્યુઆરીથી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫




ગઝલ

હસ્ત રેખાઓ જોયા પછી એવું બને
એક ઠેસ પણ ભાગ્ય જગાડી શકે.
ધારેલું શક્ય છે પરિણામ આપી શકે
પણ સંજોગ વિપરીત થતાં બગાડી શકે.
જો વૃક્ષને બાહોમાં લઇ શકું. કદાચ
સંવેદનાનું પૂર રોમેરોમ પમાડી શકે.
પ્રેમ લાગણી શું  બજારુ ચીઝ છે ભલા!
બને જો નીર્વ્યાજ તો માંહ્યલો જગાડી શકે.
કોરા કાગળ ઉપર કાઈ થોડું વંચાય છે?
ખાલી એના સ્પર્શથી શબ્દો ઉઘાડી શકે.

- પ્રકાશ હાથી, રાજકોટ.

Mob : 9979102707

# આદર્શ શિક્ષક, સંનિષ્ઠ જ્ઞાતિ સેવક : પ્રશાંતભાઈ (જયંતભાઈ) વોરા



ભાવનગર સ્થિત પ્રશાંત(જયંત)ભાઈ વોરાનું ૨૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ દેહાવસાન થતાં જ્ઞાતિએ એક આદર્શ શિક્ષક- કેળવણીકાર અને સંનિષ્ઠ સેવક ગુમાવ્યો.

૧૯૬૨માં કચ્છમાં આવેલ નિગાળ પંચાયત પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરી. ૧૯૬૩માં ગાંધીધામ પ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે બદલાયા. ૧૯૮૦ માં નવી સુંદરપુરી પ્રાથમિક શાળામાં બદલી થઈ. તે સમયે ગુજરાત રાજ્યમાં એકમાત્ર શાળા હતી, જે ત્રણ શિફ્ટમાં કાર્યરત હતી. ૧૯૭૫ માં આચાર્ય -હેડ માસ્ટર- થયા અને ૧૯૯૫ સપ્ટેમ્બરમાં નિવૃત્ત થયા. તે દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકોના હિતમાં અનેક વિધ પ્રવૃત્તિઓ કરી. ગ્રામ્ય વિસ્તારની શાળા છતાં પોતે અંગત રસ લઈ વિજ્ઞાન મેળામાં ભાગ લેવા વિદ્યાર્થીઓને પ્રેર્યા, કેળવણી અને ઘડતરનું મહત્વ સમજતા પ્રશાંતભાઈએ વિદ્યાર્થીઓ પાસે હસ્તલિખિત અંકો તૈયાર કરાવ્યા. પ્રવાસ પર્યટનનોના આયોજન પણ કરાવ્યાં.પોતાની શાળામાં શિક્ષકોના હિતાર્થે સહકારી મંડળી શરૂ કરી દરેક શિક્ષક પાસેથી દર મહિને રૂપિયા ૨૫ એકત્ર કરી એક લાખ જેવું માતબર ફંડ ઉભું કર્યું. હિસાબ કિતાબમાં ચોક્કસ, વળી નિસ્વાર્થી ને સત્યનિષ્ઠ તેથી અધિકારી સાથે પણ સ્પષ્ટ વક્તા. સિદ્ધાંતવાદી પણ એવા કે શ્રેષ્ઠ શિક્ષક તરીકેના સન્માન માટેના તમામ ગુણો ધરાવતા હોવા છતાં અરજી કરવાનો નિયમ હતો જેના વિરોધી. આ કદર છે.. સન્માન છે જે સામે ચાલીને માંગવાનું!?આમ છતાં એટલા નિષ્પૃહી અને નિરાભિમાની કે પોતાની જ શાળાના અન્ય એક શિક્ષકને આ માટે માર્ગદર્શન આપ્યું મહેનત કરી અને રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકનો ખિતાબ અપાવ્યો પણ ખરો!

આવી સુદીર્ઘ ફરજ બજાવી ૧૯૯૫માં નિવૃત્ત થઈ ભાવનગર આવ્યા અને ૧૯૯૬થી ઘોઘા હાટકેશ્વર મહાદેવ સંસ્થા સાથે નિષ્કામ ભાવે સેવામાં જોડાઈ ગયા. જે સંસ્થામાં શરૂઆતમાં સહાયક મંત્રી, ત્યારબાદ મંત્રી અને છેલ્લે ખજાનચી તરીકે કાર્યરત રહ્યા. ૨૮ વર્ષની આ અવિરત સેવા યાત્રામાં માત્ર 'સેવા પરમો ધર્મ' સૂત્ર અપનાવી માન અપમાન, પદ પ્રતિષ્ઠા થી પર અને નિર્મોહી રહીને જ્ઞાતિ ઉત્કર્ષના અનેકવિધ કાર્યો કરી પોતાના બિન વિવાદાસ્પદ વ્યક્તિત્વથી જ્ઞાતિનો પ્રેમ અને આદર મેળવ્યા.

લગભગ આટલા વર્ષોની જ બરછીને પણ તેમની નિષ્કામ સેવાઓ મળી. અસંખ્ય જ્ઞાતિજનોને બરછી સાથે જોડ્યા. ચોકસાઈ અને સમયપાલનના એટલા આગ્રહી કે સમાચારો સ્વહસ્તે લખીને જ મોકલે ને જ્યારે પણ મોકલે ત્યારે સ્વખર્ચે કુરિયર દ્વારા મોકલે.

યુવા વયમાં ચેસ, કેરમ, ક્રિકેટ, વોલીબોલ જેવી રમતો રમ્યા, ક્રિકેટના એવા શોખીન કે ૧૯૬૦થી તમામ દેશ જે આંતરરાષ્ટ્રીય ટેસ્ટ મેચ રમે છે તેનો રેકોર્ડ ઉપલબ્ધ હતો. ૧૯૬૪ થી કઈ કઈ ફિલ્મ જોઈ તેની નોંધ પણ આજે ડાયરીમાં જોવા મળે, દરેકની સાથે સંબંધો જાળવવા, ભેગા મળી મોજ મજા કરવી જેવા પણ તેમના શોખ હતા.

પ્રશાંતભાઈની જન્મ તિથિ ભાદરવા સુદ બારસ એટલે કે વામન દ્વાદશી અને મૃત્યુ તિથિ ચૈત્ર સુદ પૂનમ એટલે કે હનુમાન જયંતિ... કેવો સુયોગ! આવા શુદ્ધ -પવિત્ર આત્માને પરમ શાંતિ જ હોય..
બરછી પરિવાર વતી ભાવભીની શ્રદ્ધાંજલિ.. અસ્તુ!

## શ્રી ભવેન કચ્છી 'ગુજરાત ગૌરવ રત્ન' એવોર્ડથી સન્માનિત થયા




Indian Council of Social Welfare (ICSW),North American Indian અને Knowledge power Foundation ના ઉપક્રમે જુદા જુદા ક્ષેત્રોમાં ઉદાહરણીય પ્રદાન આપનાર ૨૦ જેટલા વ્યક્તિવિશેષ ને "ગુજરાત ગૌરવ રત્ન એવોર્ડ"થી સન્માનવામાં આવ્યા હતા. જેમાં ગુજરાતના જાણીતા લેખક અને પત્રકાર શ્રી ભવેન કચ્છીને મીડિયામાં તેમના સકારાત્મક પ્રદાન અને કલમનો હેતુપૂર્ણ ઉપયોગ કરી સમાજને જાગરૂક કરવામાં મૂલ્યવાન યોગદાન બદલ 'ગુજરાત ગૌરવ રત્ન એવોર્ડ' થી નવાજવામાં આવ્યા હતા.

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના જે.બી.ઓડિટોરિયમમાં કાર્યક્રમ શહેરના બૌધ્ધિકો અને સામાજિક અગ્રણીઓ અને વ્યક્તિવિશેષોની ભરચક હાજરીમાં યોજાયેલ આ એવોર્ડ સમારંભ માં મંચ ઉપર રાજ્યના ખૂબ જ આદરણીય મહાનુભાવો, શિવાનંદ આશ્રમના વડા સ્વામી પરમાત્માનંદ, ભૂતપૂર્વ માહિતી નિયામક અને ઇન્ડિયા ટુડે ગ્રુપના તંત્રી શ્રી ઉદય મહુરકર, પદ્મશ્રી જોરાવરસિંઘ જાધવ , હાઈ કોર્ટ જજ શ્રી કારીયા સાહેબ , ISWC સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડો.શૈલેષ ઠાકર તથા અન્યો ઉપસ્થિત હતા, જેઓના હસ્તે સૌનું વારાફરતી સન્માન થયું હતું.

સત્યનિષ્ઠ અને મૂલ્યનિષ્ઠ લેખક અને પત્રકારિતાનું આ સન્માન છે...શ્રી ભવેન કચ્છીએ ફરી એકવાર જ્ઞાતિને ગૌરવાન્વિત કરી છે. અભિનંદન સાથે શુભકામના પાઠવીએ.

## શ્રી પદ્મિન્ બૂચ ICC ડેલીગેશન તરફથી આર્મેનીયા દેશની સત્તાવાર મુલાકાતે



શ્રી પદ્મિન્ બૂચ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ (ICC) અને એમ્બેસી ઓફ આર્મેનીયાનાં આમંત્રણથી 'ઓલ ઈન્ડિયા ડેલીગેશન'માં એક સિનિયર મેમ્બર તરીકે આર્મૅનીયાની સત્તાવાર મુલાકાતે જઈ આવ્યા.

વિશેષ ગર્વની વાત છે કે ગુજરાતમાંથી પદ્મિન્ બૂચ એક માત્ર આમંત્રિત હતા. તેઓને ડેલીગેશનનું પ્રેઝન્ટેશન રજુ કરવા માટે પણ ખાસ આમંત્રણ આપવામાં આવ્યું!

તા ૬ જૂન થી ૯ જૂન દરમિયાનની આ મુલાકાતમાં ડેલીગેશને આર્મૅનીયામાં વ્યાપાર અને ઉદ્યોગની લગતી સંસ્થાઓ, ત્યાંની સરકારનાં ઉચ્ચ અધિકારીઓ, ઈન્ડિયન એમ્બેસેડર સાથે મુલાકાત અને વિસ્તૃત ચર્ચા કરી.

શ્રી પદ્મિન્ બૂચને અભિનંદન અને શુભેચ્છાઓ !

**જન્મથી લઈને પાંચ વર્ષ સુધીમાં બાળક પોતાની બુદ્ધિ, ભાવનાઓ, ઈચ્છાશક્તિ અને પોતાના ચારિત્ર્ય માટે ચારે તરફની દુનિયામાંથી જેટલું ગ્રહણ કરે છે,એટલું પછી પાંચ વર્ષથી જિંદગીના અંત સુધીમાં પણ કરતું નથી. - ટોલ્સટોય**

## એક જ કુટુંબની બંને બહેનોની નૃત્યક્ષેત્રે સિદ્ધિ



મૂળ ભુજના જામનગર સ્થિત શ્રીમતી પૂર્વી અને પ્રા. કેતન ધોળકિયા નાં પુત્રી સૌ. કેશા માનદભાઈ અંજારિયા તથા કુ. વૈશ્વી કેતન ધોળકિયાએ 'અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય' મુંબઈ દ્વારા ભરતનાટ્યમ નૃત્યમાં કેશાએ 'અલંકાર પૂર્ણ' ની પદવી અને વૈશ્વીએ 'વિશારદ પૂર્ણ'ની પદવી મેળવી કુટુંબ તથા જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે.

અભ્યાસમાં પણ તેજસ્વી, કુ. વૈશ્વીએ તાજેતરમાં લેવાયેલ ધોરણ ૧૨ની પરીક્ષામાં વિજ્ઞાન પ્રવાહ 'એ ગ્રુપ' માં ૮૬ % સાથે સફળતા મેળવી છે.

કેશા તથા વૈશ્વી, હંસાબેન ચંદ્રવદનભાઈ ધોળકિયાનાં પૌત્રી અને દિવ્યાબેન ચંદ્રવદનભાઈ વૈદ્યનાં દોહિત્રી થાય.

**બાળકને શિક્ષણ આપવાનું મહત્વ છે તેટલું આજે શાળામાં કે ઘરમાં પણ કેળવણી આપવાનું નથી રહયું, તેવા શિક્ષકો પણ અલ્પ સંખ્યામાં છે. શ્રી રમેશ સંઘવી સંપાદિત સુંદર 'અમીઝરણાં' પુસ્તક માંથી બાળપણથી જ કેવું મૂલ્ય શિક્ષણ, કેળવણી અને સંસ્કાર આપવા તેનું દીશાસૂચન કરતાં, મહાપુરૂષો, ચિંતકો, સહૃદયી શિક્ષકો– કેળવણીકારોના અવતરણો આ અંકમાં 'બોકસ'માં સાભાર પ્રકાશિત કરી રહયા છીએ. બાળકનો યોગ્ય ઉછેર–ઘડતર, કુટુંબ– સમાજના ઉજ્જવળ ભવિષ્યનો પાયો છે ત્યારે યુવા માતા–પિતાને તેમના સારાં ભાવિ સાથે સ્વસ્થ સમાજ નિર્માણ માટે આ 'ઉત્તમ વિચારો' ખાસ વંચાવશો.–તંત્રી.**

### પરીક્ષાના પરિણામ :

**M.Sc. (Biotech.)**

ખુશી રીતેષ નાણાવટી ૯.૨૪ CGPA રાજકોટ

**B.E.(C.E.) સેમેસ્ટર–૬**

હેલી હર્ષલભાઈ હાથી ગ્રેડ–૯.૪ રાજકોટ

(મારવાડી યુનિવર્સિટી)

**Bachelor of Performing Arts (Music)**

વિમર્શ ગૌરાંગ ધોળકિયા ૮૮%(M.S.Uni) રાજકોટ



**BBA**

હેમ ધવલ ઢેબર ૭૮% અમદાવાદ

**ધોરણ–૧૦**

યુગ હિતાર્થ મહેતા ૮૭% રાજકોટ

ઓમ આશિષ દેસાઈ બીજો વર્ગ રાજકોટ

દીવા હર્ષવર્ધન મહેતા ૯૦% અમદાવાદ

માહિ ચેતન ઝાલા ૮૯% ભાવનગર

**ધોરણ–૧૨**

રીશ્વા ઉર્વીશ છાયા ૯૦% CBSE આણંદ

મૂલ્ય શિક્ષણ : વાત સાવ નજીવી લાગે પરંતુ એના પરિણામો દુરગામી હોય છે. ઘરમાં દાદાજી દાદીમાં હોય, કોઈ મોટા ભાઈ કે બહેનને રોજ રાતે દાદા-દાદીના પગ દબાવતાં બાળક જુએ તો થોડા દિવસોમાં એ પણ કહેશે કે હું પગ દાબું. સેવાના સંસ્કારો આ રીતે જ પડતા હોય છે. બહારથી આવનારા સામે પાણીનો પ્યાલો ધરવો. આગંતુકને બેસવા માટે જગ્યા ખાલી કરી દેવી. નમસ્તે કરવા, જાય ત્યારે આવજો કહેવું - આ બધા શિષ્ટાચાર ઘરમાં જ શીખવા મળે. ભાણા પર બેસવા જતા પહેલાં ગાય કૂતરાં માટેના ગૌગ્રાસ કાઢવાના સંસ્કારમાંથી જ વિશ્વ પ્રત્યેની જવાબદારી નિર્માણ થાય છે. તુલસીને પાણી, ગાય- કૂતરાંને રોટલો, બાળકને સમસ્ત વનસ્પતિજગત અને પ્રાણીસૃષ્ટિ સાથે જોડી આપે છે. ગાંધી વિનોબાના ચિત્ત પર માના ચાંદ્રાયણી વ્રતના કેવા ઊંડા સંસ્કાર પડેલા તે સૌ જાણે છે! પરિવારને આપણે ત્યાં મૂલ્યોનું ધરુવાડિયુ કહ્યું છે. - જીવન મૂલ્યો શીખવવાની નાનકડી પ્રયોગશાળા. ઘરમાં મૂલ્યના બીનું વાવેતર ફળ્યું તો તે સમાજમાં પણ ફળી શકે. ઘર એટલે તે માટેનું પૂર્વપ્રયોગ કરવાનું સ્થાન. - મીરાબહેન ભટ્ટ

# સમાચાર સંચય

• **વલ્લભ વિદ્યાનગર** : પ્રો. શ્રી સૂર્યકાંત વૈષ્ણવનો પરિવાર યુરોપના ઓસ્ટ્રીયા દેશના સાલ્ઝબુર્ગની શૈક્ષણિક અને ઇટાલીના શ્રી અરવિંદ આશ્રમની આધ્યાત્મિક યાત્રાએ જઈ આવ્યા. સાલ્ઝબુર્ગના પેરાસેલ્સસ મેડિકલ યુનિવર્સિટીમાં ધર્મ, અધ્યાત્મ અને આરોગ્ય વિષયક કોન્ફરન્સમાં તેઓએ હાજરી આપી હતી. કુટુંબના ચાર સભ્યો ડો. ભાલેન્દુ , ડો. સ્મૃતિ, ડો. વિભા અને કુ. ઋતમે રજૂઆત માં ભાગ લીધો હતો. જુનિયર રિસર્ચ ગ્રુપમાં ઉત્તમ રજૂઆત બદલ કુ. ઋતમનો પહેલો નંબર જાહેર કરી એવોર્ડ આપવામાં આવ્યો હતો. ઇટાલી ખાતે શ્રી અરવિંદ સાધના કેન્દ્રના સ્થાપક (૧૯૮૬), વરિષ્ઠ સાધક અને વિખ્યાત ચિત્રકાર શ્રી અગ્નિજીના વક્તવ્ય બાદ વૈષ્ણવ પરિવારને સત્સંગ સાંનિધ્યનો અનેરો લાભ મળ્યો હતો. સાથે સમગ્ર પરિવારે બે દેશના આહલાદક પ્રવાસની મજા માણી હતી.

• **રાજકોટ** : શ્રી બંકીમ દિનેશચંદ્ર વૈષ્ણવે LIC માં DM. તરીકે રાજકોટ ખાતે જ બઢતી મેળવી.

• શ્રી કિરણ રૂદ્રેશભાઈ બુચ LIC માં ADM તરીકે બઢતી સાથે ભાવનગર ખાતે બદલાયા.

• અત્રેના જપન યજ્ઞેશ માંકડે આણંદ ખાતે એલિકોન એન્જિનિયરિંગ લિ.માં 'મેનેજમેન્ટ ટ્રેઈની' તરીકે નિમણૂંક મેળવી.

• **વડોદરા** : રાજકોટ ખાતે જીવદયા અને પર્યાવરણ ક્ષેત્રે અનોખું કાર્ય કરતી સંસ્થા શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ અને એનિમલ હેલ્પલાઇન દ્વારા આયોજિત ‘માંસાહર કરતાં શાકાહાર સર્વશ્રેષ્ઠ' વિષય ઉપર ડો. રાજેન્દ્ર હાથીએ ત્રણ મિનિટનું અસરકારક વક્તવ્ય આપતાં સંસ્થા તરફથી પ્રશસ્તી પત્ર તથા હાલના અયોધ્યાના શ્રી રામની છબી એનાયત કરવામાં આવ્યાં.

• **અમદાવાદ** : અત્રેના સ્વ. સૌ. હેમાબેન બુચનાં સ્મરણાર્થે બિપીનભાઈ બુચ તરફથી 'હાટકેશજન પરિવાર' દ્વારા પાટોત્સવના રોજ જ્ઞાતિના વિદ્યાર્થીઓને ૨૬ ડઝન ચોપડાનું નિ:શુલ્ક વિતરણ કરવાનું ઉમદા કાર્ય કર્યું.

• ભુષિત ભાવિનભાઈ વસાવડાએ Deloitte Companyમાં મેનેજર તરીકે બઢતી મેળવી.

• રોજ બરોજની ભાગદોડ, સમયની ખેંચમાં એકબીજાને મળવું આજકાલ કઠિન થતું જાય છે ત્યારે અત્રેના બિપીનભાઈ બુચને વિચાર આવ્યો કે અન્ય શહેરોની જેમ આપણે પણ અહીં નિયત સ્થળે અને સમયે એકત્ર થઈએ, હળીએ મળીએ. જેનો અમલ થયો અને દર મહિનાના પહેલા અને ત્રીજા રવિવારે ચંદ્રશેખર આઝાદ ઉદ્યાનમાં સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ નિયમિત મળવાનું નક્કી થયું. રસ ધરાવતા જ્ઞાતિજનો સામેલ થઈ શકે છે.

તમારા જ્ઞાનના પરોઢિયામાં અડધી ઊંઘમાં પહેલેથી જ જે રહ્યું છે તે સિવાય કોઈ માણસ તમને નવું કંઈ દેખાડી શકતો નથી. મંદિરની છાયામાં વિદ્યાર્થીગણ વચ્ચે ચાલનારો શિક્ષક પોતાના બાળપણમાંથી કશું આપતો નથી પણ પોતાની શ્રદ્ધા અને પ્રેમના જ કંઈક અંશ આપે છે. એ જો ખરેખર ડાહ્યો હોય તો તે તમને પોતાના જ્ઞાનભવનમાં પેસવા આજ્ઞા નથી કરતો, પણ તમારા પોતાના ચિત્તના ઉંબરામાં તમને દોરી જાય છે. ખગોળશાસ્ત્રી આકાશ વિશેની પોતાની કલ્પના વિશે તમને કહી શકે, પણ એ કલ્પના તમને આપી શકે નહીં. ગવૈયો સર્વ દિશામાં વ્યાપી રહેલો સ્વરમેળ તમને ગાઈ દેખાડી શકે, પણ એ તમને એ મેળ ઝીલનારો કાન અગર તેને ઉપજાવનાર કંઠ ન આપી શકે. કારણ કે એક માણસને થયેલું દર્શન બીજાને પાંખો આપી શકતું નથી. -ખલીલ જિબ્રાન

## વિશિષ્ટતા..

પોરબંદરના મેર
ઓખાના વાઘેર
નાગરની નમણાઇ
લાંઘાની શરણાઈ
ખવાસની ચાકરી
મેરની ભાખરી
ભાટીયાની ભલાઈ
દરજીની સિલાઇ
પારસીની પ્રીત
ઘાંચીની ઘણી
રામાનંદી આરતી
ભરવાડ ની ડાંગ
નાગરના નામ
શરાબીના જામ
દરબારનું ખાણું
વાણિયાનું નાણું
પટેલનું આણુ
નાગરનું ભણતર
કડિયાનું ચણતર
વોરા ની નમ્રતા
હજામનો જવાબ
કસાયતાનો ખૂંખારો
દરવાણીનો રુવાબ
પ્રશ્નોરાનું વૈદુ
નાગોરીનો નાતો
સાધુનું સદાવ્રત
કસાઇના કાંટો
બહુરૂપીનો વેશ
માલધારીનો નેસ
હીજડાની તાળી
સદાવ્રતની થાળી

- હરદેવભાઈ માંકડ,
(૯૫ વર્ષ) જામનગર

## જીવન મંત્ર

**શુભેચ્છાઓ તો હૃદયી સંચાર છે—**
**એ જ તો આપણા સંસ્કાર છે!**
**ભાવનાઓ તો અભિભૂત કરો ત?—**
**હૃદયકેરી ઉદારતા તો સાકાર છે...**
**સંબંધો નિભાવતાં જીવવું એ—**
**જિંદગી કેરો સાચો તે સાર છે.**
**ત્યાગીને ભોગવી જાણીએ તો જ—**
**આપણો રૂડો તે સંસાર છે.**
**જે જે નિહાળી ન શકાતું હોય,**
**છતાં મન આનંદે એ પ્રેમ સાક્ષાતકાર છે.**
**જસમીન દેસાઈ 'દર્પણ' રાજકોટ.**

~~~~~~~

મન ન માને એ જગાઓ પર જવાનું છોડીએ
કોઈના દરબારમાં હાજર થવાનું છોડીએ.
રોજ વિઘ્નો પાર કરતાં દોડવાનું છોડીએ,
પાતળી સરસાઈથી આ જીતવાનું છોડીએ.
પ્રેમના પ્રકરણ વિષે કંઇ બોલવાનું છોડીએ,
ચોપડીમાં એક વચ્ચે કોરું પાનું છોડીએ.
આવશે,જે આવવાનું છે, એ પાસે ખુદ-બ-ખુદ
અહીં કે ત્યાં, આજે કે કાલે, શોધવાનું છોડીએ.
મ્હેકની ભાષા સમજીએ, જેટલી સમજાય તે,
કિંતુ પાટક પથ્થરોને પૂછવાનું છોડીએ.
હોય જો તાકાત તો બે-ત્રણ હલેસાં મારીએ
જળને વ્હેવાની રસમ શિખવાડવાનું છોડીએ.
કંઠમાં શોભે તો શોભે, માત્ર પોતાનો અવાજ
પારકી રૂપાળી કંઠી બાંધવાનું છોડીએ.
કોઈ દુર્ગમ પથ ઉપર તૂટેલી ભેખડ કાં બનો ?
છોડીએ તો એક સીમાચિહ નાનું છોડીએ !

– હેમેન શાહ

## શાં કામનો ?

આરસપહાણનો,દેહ ઘડાવ્યો,
સુમનકુસુમના,કર્યા શણગારો;
જનગણની મુંજવણ,નાસમજે,
તને દેવ બનાવ્યો શાં કામનો?
સવાર સાંજ થાય આરતી તારી,
ધૂપસુગંધીને,ઝાલરના રણકારો;
એકપીડા,પૂજારીની ના જાણી,
તને દેવ બનાવ્યો શાં કામનો?
કેસર ચંદનના દેહે લેપ કરાવે,
નિતનવા રેશમવાઘા અંગે ધરે;
દુબળાબાળ વિણવસ્ત્ર ફરે!
તને દેવ બનાવ્યો શાં કામનો?
છપ્પનભોગોના થાળ જમે તું,
વિવિધમિષ્ઠાન ને વળીપકવાનો;
જઠરાગ્નિ ઠરે નહીં,જો ભૂખ્યાનો,
તને દેવ બનાવ્યો શાં કામનો?
નિર્વિચાર કરી,નિર્વિકાર કરે તું,
અભયવચન દે, તું પરમકૃપાળુ,
માણસ થી માણસ લડાવીને!
તું કાં મંદિરમાં જઈ છુપાયો?
છતાં અમે જપીશું,ભજીશુ તને,
પાદસ્પર્શીને,શિષ નમાવીને;
એક'દિ થશે જરૂર ચમત્કાર!
પુરી શ્રધ્ધા છે,તને નમસ્કાર...
રાસવિહારી વૈષ્ણવ –મોરપીંછ.
~~~~~~~

## ઊંઘનો અધિકાર –મહેશ ધોળકિયા

એકવાર વિધાનસભાની કાર્યપ્રણાલી પ્રત્યક્ષ નિહાળવા માટે હું સભાગૃહમાં જઈ ચડયો.ત્યાં ગયા પછી એક બાબતનું મને જંગી આશ્ચર્ય થયું.આમ તો વિધાનગૃહ મહદ્ આશ્ચર્યોનું ઉદ્‌ગમ સ્થાન ગણાય,એટલે નાનાં અમથાં આશ્ચર્યોની તો ત્યાં હારમાળા સર્જાતી અનુભવી.વિધાનસભામાં મારા જેવાનું જવું એ જ આદ્યાશ્ચર્ય ન ગણાય? બીજું આશ્ચર્ય એ થયું કે મુજસરખા નવરાઓથી(ગુજરાતીમાં નવરા,મરાઠીમાં નહિ!) પ્રેક્ષકોની દીર્ઘા છલોછલ છલકાતી હતી. (એમ તો 'વિઝીટર્સ ગેલેરી' નું 'પ્રેક્ષકોની દીર્ઘા' એવું ગુજરાતીકરણ પણ ક્યાં ઓછું આશ્ચર્યમય છે? દીર્ઘા એવા ભદ્રંભદ્રીય પ્રયોગને કારણે ને વિઝીટર્સને પ્રેક્ષકો બનાવ્યા એ કારણેય. અલબત્ત વિધાનસભામાં સાંભળવા કરતાં જોવા જેવું વિશેષ હોય છે એ કબૂલ!) વિધાનસભાનો કારોબાર પણ કાફી આશ્ચર્યસભર હતો.મંત્રીશ્રીથી માંડી અદના સભ્ય(!) સાંભળવા નહિ, સંભળાવવા ઉદ્યુક્ત દેખાતા હતા. પરિણામસ્વરૂપ એક નાનુ સરખું દંગલ ત્યાં મચી ગયું હતું.જે અધ્યક્ષશ્રીની દરમ્યાનગીરીથી વિસ્ફોટક સ્થિતિએ પહોંચતું હતું.

આ દ્રષ્યનો બાકીનો સનસનાટીભર્યો ભાગ કોઈ પણ ભારતીય એક્શન ફિલ્મમાં જોઈ લેવાશે,એમ વિચારી મેં ગૃહના પ્રવેશપત્ર પર એક ઉદાસીન નજર ફેંકી.

મને એ ઠીક ગમ્યું ! એવામાં મારું ધ્યાન પ્રેક્ષકો માટેના નિષેધોની એમાં છપાયેલી ખાસી યાદી પર પડયું–

'બૂમો પાડવી નહિ'

'તાળીઓ ન પાડવી

'મોટેથી હસવું નહિ'

'ગાળો ન બોલવી'

> ઉછળતા, કુદતા, ખિલખિલાટ કરતા બાળકને આપણે 'ડાહ્યું ડમરુ' બનાવી દેવાની ઘેલછા સેવતી વખતે આપણને ભાગ્યે જ ખ્યાલ રહે છે કે એક ચેતન તત્વને જડ બનાવી દેવાનું કામ આપણે કરી રહ્યાં છીએ. - જુગતરામ દવે

આટલે સુધી તો સંમત થવામાં મારી સામાન્ય બુદ્ધિએ ખાસ તકલીફ ન અનુભવી, કેમ કે આ બધું તો માનનીય ધારાસભ્યો માટે અનામત હોય એમ સમજાય,પરંતુ આગળ આશ્ચર્યનો જે ઉલ્લેખ કર્યો તેનો પ્રબળ આંચકો મેં ત્યારે અનુભવ્યો,જ્યારે યાદીમાં વાંચ્યું 'ઊંઘવું નહિ'

પ્રજાની ટોચની પ્રતિનિધિ સંસ્થા તે વિધાનસભા.મનુષ્યજીવનની શ્રેષ્ઠ,કલ્યાણમયી પ્રવૃત્તિ તે ઊંઘનો આ રીતે જાહેરમાં નિષેધ કરે એનાથી મોટું આશ્ચર્ય બીજું શું હોય? એનો સીધો મતલબ તો એ થયો કે, ઊંઘવાના માનવીના મૂળભૂત અધિકારનો આપણે હજુ સુધી આદર કરી શક્યા નથી.આપણું આ વૈચારિક પછાતપણુ ઠેર ઠેર છતું થાય છે.

દાખલા તરીકે મને એક સજ્જન રસ્તે મળતાં પૂછે છે,

'હમણાં તો વેકેશન,કાં?'

'હા,એમ જ.'

'જલસા છે,તમારે તો'

(કિંકર્તવ્યમૂઢ એવો મૌન હું સેવું છું)

'શી પ્રવૃત્તિ ચાલે છે, આજકાલ? વેકેશન કેમ વિતાવો છો?'

'ઊંઘું છું ઠીકઠીક.'

'એટલે?'

'એટલે એમ કે ઊંઘ ખેંચું છું'

'મતલબ કે, તમે સૂઈ રહો છો?'

'હા...કેમ?'

ના, ખાસ તો નહિં પણ મેં તમને સાવ આવા તો નો'તા ધાર્યા.

—અને મારાથી દાઝયા હોય તેમ એ ભાગે છે.

દ્રષ્ય બદલીએ.

ઉનાળાની એકાદ લાંબી બપોરને ટૂંકાવવા તમે નિદ્રાના નીરમાં સરકતા જતા હો, એવામાં કોઈ વડીલનો ઘેઘુર ઘાંટો ગર્જી ઉઠે અને તમારો આખો આવાસ વિક્ષુબ્ધ થઈ ઊઠે. તમે હાંફળા—ફાંફળા સફાળા—ચોફાળ ફગાવી ઊઠવા મથો અને મુરબ્બીને સત્કારવાનો મૂડ માંડ માંડ એકઠો કરો, તે પહેલાં તો એ યમદૂત સરખા આવીને તમારા પલંગ પાસે ખડા થઈ જાય.

'શું કરતો હતો?'

'જી જી, કાં નહિ'

'તો આ બધું શું છે?'

'જી, આ તો પથારી છે.'

'એટલે કે તું ઊંઘતો હતો?'

> બાળકને પક્ષીઓની સુંદર વાર્તા કરવાને બદલે પક્ષીઓ બતાવો તો? બાળકને એન્જિનની કરામત પાટિયા પર સમજાવવાને બદલે એન્જિન પાસે લઈ જાઓ તો? બાળકોને પૃથ્વીના ગર્ભમાં અનેક ખનીજો ભરેલાં છે તેની રસિક કથા કરવાને બદલે ખનીજોથી ભરપૂર પૃથ્વી ખોદી બતાવો તો? - તો બાળક વધારે સારું નહીં કેળવાય?
> -કૃષ્ણ દવે

'જી, એમ કહી શકાય ખરૂં, બાકી હકીકતમાં તો હું હતો જ નહિ, હતી કેવળ ઊંઘ.'

નાલાયક! આ ઊંઘવાનો સમય છે? જાગો, ઊઠો અને આગે બઢો. અમે તમારા જેવડા હતા ત્યારે તો..

—અને એક પ્રલંભ પ્રવચન, જો તમે ફરીવાર ન ઊંઘી ગયા હો તો!

તમે જ કહો, પાર્ટનર! આવા ઈસમોથી ખદબદતો આપણો સમાજ ઊંઘતા આદમી પ્રત્યે ઉદાર થઈ શકે ખરો? ઉદારતાને મારો ગોલી. ઊંઘને સાંખીય શકે છે કોઈ ? પારખાં લેવાં હોય તો કરી જો જો. પ્રયત્ન ઊંઘને આરાધવાનો. લાઈબ્રેરીના એકાદ ખૂણામાં. ઊંઘ તો ત્યાં મજેદાર આવી જશે, પણ ગ્રંથાલયના જડસુ રખેવાળો તમારી એ નમણી નીદરને નિરખી નહિ શકે. જૂના ગ્રંથોની રદ્દી વાસવાળી હવાથી ખરડાયેલી એમની ખોપરીમાં આવો વિપ્લવકારી વિચાર કઈ રીતે વસી શકે, કે—ઊંઘવું એ વાંચવા—વિચારવા કરતાં વધુ પ્રેરક પ્રવૃત્તિ છે? ઊંચી જાળીવાળાં અંધારિયા ગ્રંથાલયોમાંથી કબૂતરો ઉડાડવા જેટલી નિર્દયતાથી તેઓ માણસની ઊંઘને પણ ઉડાડી—ભગાડી—બગાડી—જગાડી મૂકે છે અને પછી સ્ટૂલ પર બેસી પોતે જ ઝોકે ચડી જાય છે!

જાહેર બાગ–બગીચાની શીતળ–સુરભિત હવા પણ જો કશાને અનુકૂળ હોય,તો તે ઊંઘવાને,એ બાબતે મતભેદને અવકાશ જ નથી અને છતાં ઘાસની ચટાઈ પર સમાધિલીન એવા નિર્દોષ ઊંઘ આરાધકનો તપોભંગ (અને ટકોભંગ)માળીરૂપી મેનકાઓ આજે પણ ફરતી રહે છે!માળીની ફરજ ક્યારા કરવાની કબૂલ,રોપાને એ પાણી પાય,એ પણ સમજ્યા,ઉદ્યાનને એ રમણીય રાખે ત્યાં સુધી સબ ઠીક હૈ,લેકિન ઊંઘતાને ઉઠાડવાનો અધિકાર એને આપ્યો કોણે?

એવી જ અનાધિકાર ચેષ્ટા મંદિરના પૂજા–અરિયો કરે છે.મંદિરના શાંત અને સુગંધિત(બહુધા એનાથી વિપરીત) પર્યાવરણથી પ્રેરાઈને કોઈ સંસારી,મોહ–માયા વિસ્મરી પૂર્ણ વિશ્રામધામમાં સરે,ત્યાં તો પૂજારી પોતાના કઠોર–કટુ ઘાંટાના હડસેલે એને પુનઃ પાર્થિવ સંસાર મધ્યે પટકે છે.આવા માયા–છાયા ગ્રસ્ત–ત્રસ્ત–સખ્ત પુરોહિતને કોણ આ હિતવચન કહે કે ખુદ ઠાકોરજી પણ જ્યારે ભોજન નથી કરતા હોતા ત્યારે નિમિલિત નેત્રે શયન સુખ ભોગવતા હોય છે!

આ બખડજંતરનું પરિણામ એ આવ્યું કે દુર્ભાગ્યે,સૈકાઓથી આપણો આ સમાજ આ વિભુદીધા વરદાનથી વંચિત જ રહી ગયો છે.નહિતર આપણા આ માનવી સમાજે ઊંઘતાને જગાડવાના આવા ઉપદ્રવો કરવાને બદલે, જાહેર ઊંઘાલયો અને નિદ્રાશ્રમો સ્થાપીને પોતાના મનુજબાળને વધુ ને વધુ ઊંઘવા ઉત્તેજીત ન કર્યા હોત?અનેક પ્રકારના આશ્રમો અને આલયો સ્થાપવાનું આપણે ઈતિહાસમાં વાંચીએ છીએ,પરંતુ કોઈ એકાદોય એવો વિરલો પાક્યાનું આપણી જાણમાં નથી,જેણે ઈન્સાનની ઊંઘને ઉત્સાહિત કરે એવા આવાસ સ્થાપ્યા હોય.મારો એક ઈતિહાસવિદ્ દોસ્ત આ વિષયક સંશોધન ચલાવે છે અને પોતાના તારતમ્યોની ચર્ચા પણ ચલાવે છે,પરંતુ એવે વખતે વચ્ચે વચ્ચે આવી જતી ઊંઘને પરિણામે આ બાબતમાં કશું આખરી સત્ય કહેવા હું અસમર્થ છું.છતાં જગતભરમાં પેદા થઈ ચૂકેલા,થતા રહેલા અને થઈ રહેલા ઉત્પાતોને લક્ષમાં લેતાં,એમ અવશ્ય લાગે છે કે આવાં સાર્વજનિક ઊંઘાલયો કોઈએ સ્થાપ્યાં તો નહિ હોય.વિકરાળ વિશ્વયુદ્ધોથી માંડીને કટુ કુટુંબકલહો દાગનારા જલ્લાદોને થોડીક પણ નિરાંતની નિંદર લેતા કરી શક્યા હોત,તો વિશ્વનું ચિત્ર આજે ઉજળું હોત,કારણ કે અનિદ્રાના ઉલ્કાપાતથી પિડાતા આવા ઝઘડાખોર જુલ્મીઓ,નથી ખૂદ ઊંઘતા કે નથી અન્યને સુખે સૂવા દેતા..પણ વાંક એમનો નથી,વાંક છે પ્રજા તરીકે આપણી કમ સમજનો– અણસમજનો– ગેર સમજનો . એક સાદી સીધી હકીકત (કદાચ તેની સરળતાને કારણે જ) આપણે સમજી–સ્વીકારી શકતા નથી,કે ઊંઘ એ આપણી પ્રકૃતિ છે ને જાગૃતિ છે વિકૃતિ.માણસે જાગતા રહેવા અને બીજાને જગાડવા માટે કહો તો કેટલા બધાં ઉપાય– આયોજન કરવાં પડે છે ? જ્યારે ઊંઘ અનાયાસ —આપોઆપ આપણા પર છવાઈ જાય છે.

રિડર્સ ડાયજેસ્ટ માં એક સરસ પ્રસંગ આવેલો : બે ત્રણ હજાર વર્ષ અગાઉ ઓસ્ટ્રેલિયાના મધ્ય પૂર્વ રણમાં અતિશય વરસાદ પડેલો,ત્યાર પછીના વર્ષોમાં ખૂબ ઓછો વરસાદ પડતો. પ્રદેશ રણમાં ફેરવાઈ ગયો. પણ બે ત્રણ હજાર વર્ષ પછી ફરી પાછો મૂશળધાર વરસાદ પડ્યો. મોટા મોટા તળાવો ઉભરાયા. તેમાં માછલીઓ પણ તરતી થઈ. પ્રશ્ન થયો કે આ માછલીઓ આવી ક્યાંથી? સંશોધન થયું કે ત્રણેય હજાર વર્ષ પહેલાં માછલીઓએ જે ઈંડા મૂકેલાં તે સુકાઈને તળિયે પડ્યાં રહેલાં. એ વરસાદ પડતાં ફરી સજીવન થઈ ફળ્યાં અને માછલી બની તરવા લાગ્યાં. આ જીવનનું બીજ છે. આપણે જો વિદ્યાર્થીમાં, બાળકમાં ઉત્તમ બીજ રોપ્યું હશે તો માનવજાત ઉગરી જશે

જરા વિચારો,જન્મ આપણો ઊંઘતા,ને મૃત્યુ યે ચિરનિદ્રામાં–એવા આપણા આ જીવતરમાં જાગતા રહેવાથી ઉદ્વેગ સિવાય બીજું શું સિદ્ધ થાય? ઊંઘનારની મુખાકૃતિ જ જુઓને? કેવી નિર્દોષતા અને હળવાશ એના મોં પર ઝળહળે છે? જાણે નમણું બાળ ! પરંતુ જાગતાંવેંત જીવન.સંઘર્ષના ઉઝરડા એ ચહેરાને કરડો અને કઠોર કરી મૂકે છે. એથી તો આવા નિંદશત્રુનો આંતરિક ચહેરો પણ રૂગ્ણ બની જાય છે.એનું કારણ એ કે તેઓ ઊંઘનું દમન કરે છે, યા તો ઊંઘને એક અનિવાર્ય અનિષ્ટ તરીકે નાછૂટકે અપનાવે છે.

'આપણી તો ઊંઘ જ સાવ ઓછી.'

' હું તો રાતભર લગભગ જાગતો જ રહું.'

'બપોરે ઊંઘ? છટ્ ! બપોરે ઊંઘે ઈ બીજા.બંદા નહિ.'

–આવા તેવા દાવા કરનારા તમને અવારનવાર ભટકાવાના.

એક વાર રાતની ટ્રેનમાં મને પણ આવા એક નિંદ–નિંદક ભેટી ગયેલા.ખાવાનું પત્યું એટલે મને સૂવાનું સાંભર્યું,ને મેં બિસ્તર પાથરી લંબાવ્યું.મારી સામેની બર્થ પર બિરાજેલા એ ગૃહસ્થ અકળાતા અને સોપારીચૂરાના ફુવારા ઉડાડતા ઓચર્યા–

'બસ? ઊંઘવા માંડયા? ખરા ઊંઘણશી,તમે તો.મને તો નવાઈ લાગે છે કે તમને ટ્રેનમાં ઊંઘ આવે છે કઈ રીતે? મારે તો ટ્રેનમાં મુંબઈ કલકત્તાની ટ્રીપો,નાખી દેતાંય,મહિને ચાર–પાંચ થાય.બિઝનેસ સબબ, સમજ્યા? છતાં ગાડીમાં મટકું મારવુંય હરામ સમજ્યા?

ખરેખર એમનું બોલવું હું બરોબર સમજ્યો ન હતો,કારણ એમની વાક્છટાના પ્રભાવ નીચે જ, કદાચ, મને મજેદાર ઝોકું આવી ગયેલું,પરંતુ થોડીવારે જાગ્યો ત્યારે એટલું તો સમજી શક્યો,કે એ ગૃહસ્થ બર્થ પર ઢળી પડયા હતા અને નોવેલ એમની છાતી પર લળી પડી હતી.એના લેખકને તો તેમણે પૂરો કર્યો જ! ખેર,રાવણની રામભક્તિ જેવો તેમનો ઊંઘાનુરાગ પણ વેરભાવે જ વ્યક્ત થતો હશે !

સામે પક્ષે,ઊંઘનો અસલી આશક નિરાભીમાની અને સરળ સ્વભાવનો રહે છે.કેમ કે,જીવનના એક વિધાયક પરિબળ તરીકે ઊંઘનો એ સર્વાત્મભાવે સ્વીકાર–આવકાર કરી એની મોજમાં ગરકાવ થઈ જાય છે.

આમ,સમષ્ટિ અને વ્યક્તિ બંનેનું કલ્યાણ વાંછનારાએ ઊંઘનો આશરો લેવો,ને ઊંઘને આશરો દેવો જોઈએ, એમ નથી લાગતું?

હજુ સુધી ઊંઘી ગયા ન હો,તો આ સુપરસૂત્રના પ્રચારમાં જોડાઈ જાઓ–

ઊંઘ એ મારો જન્મસિદ્ધ હક્ક છે,અને એ મેળવીને તો હું જંપુ કે નહિ,પરંતુ જંપી જઈને તો એ મેળવીશજ.'

બાળ રાજાઓ મોટા માણસો માટે અભ્યાસક્રમ ઘડે તો શું થાય? તેમાં પહેલો પાઠ 'બાળક સાથે કેમ ચાલવું' એ આવે. મા બાપ બાળક સાથે ફરવા નીકળે ત્યારે બાળકને પાછળ ઘસડાવું પડે છે. આજ સ્થિતિ બાળકને કેવી લાગતી હશે? બીજો પાઠ 'બાળકો સાથે કેમ વાત કરવી' તે હોઈ શકે. બાળક સાથે વાત કરતી વખતે ઉંમરલાયક માણસોએ નીચા નમીને વાત કરવી જોઈએ. ત્રીજો પાઠ 'બાળકોને શું કહેવું' એ અંગે હોઈ શકે. બહુ ઓછાને બાળકો સાથે વાત કરતા આવડે છે. તેને મળતા નાના આઘાતો મોટી ઉંમરે પ્રત્યાઘાત રૂપે પરત મળે છે.-ગુણવંત શાહ

# ચોમાસાંની ઉત્પત્તિ અને પ્રગતિ

ગરમી સહેજ ઓછી થઈ. જોતજોતામાં ચોમાસું દસ્તક દેશે.....

આવે છે રે મેઘ સવારી

"ઝંખે છે ભોમ.પાણી પાણી ઓ મેહુલા
તુને શી આગ આ અજાણી ઓ મેહુલા..

કાળઝાળ ગરમી વચ્ચે સમાચાર આવે  કે ચોમાસું કેરાલાને કાંઠે દસ્તક દઉં દઉં કરે છે એટલે અપને ગુજરાતીઓ રાજી. દક્ષિણનાં  રાજ્યોમાં મે ના બીજા વીક થી જ સાંજ વાદળઘેરી હોય છે અને ગાજવીજ સાથે લગભગ રોજ સાંજે વરસાદ પડે છે જ્યારે અમદાવાદ તો એ સમયે 47 સેન્ટિગ્રેડમાં શેકાઈ રહ્યું હોય છે. અમદાવાદમાં ઉષ્ણતામાન હળવું બને અને વાદળો ઉમટે ત્યારે દિલ્હી, જયપુર ધખધખતાં હોય છે.  આવો છે ચોમાસાંનો માર્ગ.

ત્યારે આવો, જાણીએ ભારતીય ચોમાસા વિશે રોચક વાતો.

જાણીને નવું લાગશે કે ભારતના અમુક ભાગોમાં ચોમાસું વેંચાય છે. એટલે કે આ ચોમાસામાં જે કાંઈ નિપજે એ લેનારનું, એણે વેંચનારને પૈસા  આપી દેવાના, એથી વધે તો નફો નહીતો ખોટ. મોટે ભાગે લેનારનો નફો જ હોય.

ચોમાસું એક મોટા દીર્ઘકાલીય દરિયાઈ મોજાં સાથે સરખાવી શકાય. ચોક્કસ સમયે એ આવે અને જાય. મહદ અંશે કેરાલામાં 31 મે ના શરૂ થઈ આગળ વધતું 6 દિવસમાં 1800 કી. મી. જેવું અંતર કાપી મોડામાં મોડું 10 જૂનના તો મુંબઇ પહોંચે એની એર્નાકુલમ એક્સપ્રેસ. આ વખતે રાહ જોવરાવી પણ જુલાઈમાં તો મુંબઈ ડુબાડી જ દીધું હોય!

ઊંચા ટાવરો વાદળોથી ઢંકાઈ જાય અને લોકોથી ખદબદતા રસ્તાઓ કાળી અને હવે રંગબેરંગી છત્રીઓથી ઢંકાઈ જાય એટલે મુંબઈમાં ચોમાસું આવ્યું કહેવાય. મુંબઈની ધોરી નસ સમી લોકલોના પાટા પર પાણી ફરી વળીએ થંભી જાયએ સમાચાર આવે અને ગુજરાતીઓ રાજીના રેડ. બસ હવે ચોમાસું આવ્યું કે આવશે. પાકિસ્તાન અને ઉત્તર ભારતની અતિ ગરમ થયેલી હવા ઉપર જઈ દરિયાનો ભેજ ચૂસી લે, પેટ ભારે થઈ જાય એટલે ઠાલવે નીચે પશ્ચિમ કાંઠે. એ અરબી સમુદ્રનું આપણું ચોમાસું.

પૂર્વ કાંઠે એ મોટા મસ કાંઠાને સમાંતર આવતાં મોજાની જેમ જ એને સમાંતર જ ચોમાસું આગળ વધે છે.

વીંધ્યાચલ અને ઉપર અરવલ્લી પર્વતમાળા વાદળોને રોકે એટલે ત્યાં વરસી પડે ને પર્વતની બીજી બાજુ સાવ કોરી ધાકોર. એ લોકો "ઓ રે વાદળ ઉમટો ઉમટો " ગાતા રહે અને હાથનું નેજવું કરી આકાશમાં જોયા

> માતા પિતા અથવા શિક્ષક બાળકોને જે બીબામાં ઢાળવા ઈચ્છે તે બીબામાં ગમે તે રીતે ઢાળવા એ વિચાર અસંસ્કારી અને અજ્ઞાનપૂર્ણ અંધશ્રદ્ધા માત્ર છે. બાળક જાતે જ તેની પ્રકૃતિ પ્રમાણે વિકસે એવી પ્રેરણા તેને આપવી જોઈએ. બાળકની પ્રકૃતિને સ્વધર્મ છોડવા માટે વિવેક કરવાનો અર્થ એનું કાયમી અહિત કરવું, તેના વિકાસને રૂંધવો તથા તેની પૂર્ણતાને વિકૃત કરવી એવો જ થાય. આવું વલણ માનવ આત્મા પર સ્વાર્થપૂર્ણ અત્યાચાર છે, એટલું જ નહીં સમગ્ર રાષ્ટ્ર માટે વિઘાતક છે. - શ્રી અરવિંદ

કરે. મહારાષ્ટ્રની પૂર્વ દિશાએ દરિયો બે માંથી એકેય બાજુ નથી ત્યાં તો ગાય ભેંસને ઘાસ પણ સુક્કું, અગાઉથી સાચવેલું, પાણીમાં પલાળીને આપવું પડે છે. આપણને રોજ ભેળના મમરા ખાવા પડે એમ. ત્યાં ચોમાસું કે વર્ષાઋતુ જેવું હોતું જ નથી.

ઘણી જગ્યાએ, એમાં કચ્છ પણ આવે ને રાજસ્થાન પણ, ત્યાં તો ચાર માસ માલધારીઓ હિજરત કરી જાય.

વરસાદ અંતરિયાળ કેરાલામાં  સરેરાશ 1300 મી.મી. તો બેંગ્લોરમાં 980 મી.મી. અને અમદાવાદ જેવામાં 500 મી.મી. તો ભયો ભયો.  દક્ષિણ ગુજરાતમાં વાપી, વલસાડમાં એના કરતાં ઘણો સારો વરસાદ પડે છે પણ સૌરાષ્ટ્રની ગીર, બરડાની વિરુદ્ધ બાજુ અને કચ્છમાં ઓછો. વાદળોને રોકતા પર્વતો, પવનોની દિશા, દરિયાપરથી જમીન પર ફૂંકાતા પવનોના ખૂબ ઊંચે તરંગો જેવી બાબતો આ  ભેદભાવ માટે જવાબદાર છે. મહાબળેશ્વરમાં વાદળોની ઘનતા અને પેટર્ન નો અભ્યાસ કરવા ખાસ વેધશાળા છે.

હવામાનખાતાને સેકંડની 3 કરોડ ગણતરીઓ કરી શકે એવા સુપર કોમ્પ્યુટરની જરૂર પડે છે. અનેક મોડેલ, ભૂતકાળના ટ્રેન્ડ અને વાદળોની ઘનતા, ઊંચાઈ, પવનની દિશા વિરુદ્ધ છે કે સામે, વગેરે ભારતના નકશામાં ચોક્ક્સ સ્થળ ઉપર સુપર ઈંપોઝ એટલે કે એ જગ્યા ઉપર બેસાડી આગાહી કરવામાં આવે છે.

ખાસ પ્રકારના બલુનો ઉડાડી એનો માર્ગ એટલે કે ટ્રેજેક્ટરી પર થી ચોમાસાની ગતિ જાણી શકાય છે. હવામાન ખાતાના કોમ્પ્યુટરો એક કી.મી. વિસ્તારના ક્ષેત્રમાં ભારે વરસાદની આગાહી કરી શકે છે અને ખૂબ ઊંડી ટેકનીકલ ગણતરીઓથી થતા એમના વરતારા ખેડૂતોને જ ખાસ ઉપયોગી થાય એ રીતે કરવામાં આવે છે જેથી વાવણી, પાકનો પ્રકાર જેવા નિર્ણયો ખેડૂતો લઈ શકે.

આપણું અર્થતંત્ર વરસાદ પર ઘણી રીતે આધારિત છે.

> ભણાવવું એટલે શું? ભણાવવું એટલે જ્ઞાન આપવું અને સાથે મર્દાનગી આપવી. આજે શિક્ષણનું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું શીખવવાનું છે. આપણા શિક્ષણમાંથી સાહિત્યમાંથી એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને અન્યાય નિવારણ માટે લડત આપે. શિક્ષણનું ખરું કામ આ છે. ભણેલો માણસ શૂરવીર હોય. સેવા પણ એને માટે જ છે સેવા માંથી મર્દાનગી પ્રગટવી જોઈએ. સામાન્ય માણસમાં નૂર પ્રગટવું જોઈએ. - મનુભાઈ પંચોળી

વરસાદથી જ નદી, નાળાં ભરાય અને બોરવેલ, કુવાઓમાં પાણી આવે. હવામાનખાતું પણ દુકાળ કે અતિવૃષ્ટિની આગાહી ખૂબ જોઈ તપાસીને કરે છે કેમકે ઉદ્યોગો મંદ થઈ જાય અને શેર બજાર પણ એવી આગાહી સાંભળી કડડ ભૂસ થઈ જાય. અમુક ગ્રહોની ગતિ પરથી કોઈ જ્યોતિષી આગાહી કરે એ ક્યારેક સાચી પડે પણ હંમેશ એની ઉપર જ આધાર રાખી વાત પતતી હોત તો ઉપર કહ્યું તેમ સુપર કોમ્પ્યુટરની જરૂર જ ન રહેત!

એ પણ જાણવું રસપ્રદ છે કે વિષુવવૃત્ત આસપાસ મહત્તમ વરસાદ પડે છે અને બે  વૃત્તો, કર્ક એટલે આપણો ઉત્તર ગોળાર્ધ અને મકર એટલે ઓસ્ટ્રેલિયા આસપાસ વાળો દક્ષિણ ગોળાર્ધ એ બે વચ્ચે  જ મોસમી વરસાદ આવે છે. દિલ્હી અને ઉપર વરસાદ ઓછો અને ચોમાસું પણ જુલાઈના અંતમાં બેસે.

ગ્રીનહાઉસ ઇફેક્ટ અને ઓઝોન સ્તરમાં આપણે જાતે પડેલા ગાબડાંને લઇ તેમજ પૃથ્વીની થોડી ઝૂકીને ફરવાની વાર્ષિક ગતિમાં નજીવો ફેર પડ્યો છે એમ વૈજ્ઞાનિકો કહે છે એટલે ચોમાસું હવે એક દસકા પહેલાં

આવતું એ કરતાં અઠવાડિયું  કે દસ દિવસ જેવું મોડું આવે છે અને વધુ લાબું ચાલેછે.
દક્ષિણ ભારતના પૂર્વ ભાગ જેવા કે ચેન્નાઇ, વિશાખાપટ્ટનમ, ભુવનેશ્વર જેવામાં વર્ષમાં બે વખત ચોમાસુ આવે છે. એક વાર અરબી સમુદ્રનું અને બીજીવાર બંગાળના ઉપસાગરનું. ગુજરાતમાં અરબી સમુદ્રના પવનો મોસમી વરસાદ લાવે છે.
જંગલો વરસાદ ખેંચે છે અને વરસાદ હોય ત્યાં વધુ જંગલો હોય છે. ઈંડુ પહેલું કે મરઘી જેવું.
વાતાવરણમાં ઘણે ઊંચે ઉપર આકાશમાં તરસ્યાં વાદળો હજુ દરિયાનું પાણી વધુ ચૂસી, લો ડિપ્રેશન ઉભું કરે તો ગમે ત્યારે વરસાદ પડી જાય. નવરાત્રીના મંડપો વરસી પડે કે સાલમુબારક કરવા છત્રી રેઇનકોટ લઇ જવું પડે. ક્યારેક પવનો માર્ગ ફંટાવીને તૂટી પડે તો ક્યાંક જોરદાર કમોસમી વરસાદ થાય તેવું પણ બને.
પર્વતમાળાઓ નજીક હોઈ દક્ષિણ ગુજરાતમાં વરસાદ વધુ પડે છે અને બિચારાં સૌરાષ્ટ્ર કચ્છ સંતોષી જીવ. થોડામાં રાજી. ઉપર રાજસ્થાનમાં જેસલમેર કે બાડમેર ઉપર તો એટલો ઓછો વરસાદ પડે કે એ લોકો નહાવાનું પાણી એકઠું કરી એમાં કપડાં ધુએ.
કુદરત દરિયાનું ખારુંમસ પાણી મીઠું બનાવી વરસાવે છે. રાક્ષસી નહીં પણ દૈવી આર.ઓ.!
ઘણાં જુનાં મકાનોમાં વૉટર હાર્વેસ્ટિંગ કરી વરસાદી પાણી ટાંકામાં એકઠું કરવાની વ્યવસ્થા હોય છે. મુંબઈની અમુક સોસાયટીઓએ આ પ્રયોગ હાથ ધર્યો છે. એ પાણી ચૂનો કે ફટકડી નાખી શુદ્ધ કરવું પડે પછી અનંત કાળ પીવા લાયક સમજો.
ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટ રિસર્ચ લેબોરેટરીએ ખારા પાણીને મીઠું બનાવવામાં સફળતા મેળવી છે પણ એ પદ્ધતિ ખર્ચાળ છે. સાવ અંતરિયાળ ગામોમાં એ પદ્ધતિ પીવાનાં પાણી પુરતી વપરાય પણ છે.
ક્યાંક વરસાદ જરા પણ પડે નહીં તો સિલ્વર આયોડાઈડ નો વાદળો પર છંટકાવ કરી, એને ભારે કરી કૃત્રિમ વરસાદ વરસાવી શકાય છે પણ એમાં વાદળ ફાટ્યું કહીએ એવી અતિ વૃષ્ટિનો ડર પણ છે એટલે સરકાર 'સો ગળણેં ગાળી 'એ પાણી પીવે કે પાવાનો વિચાર કરે.
તળાવનું પાણી બાષ્પીભવન થઈ ઉડી જતું અટકાવવા તળાવ કાંઠે વિશાળ ઘટા વાળા વૃક્ષો એ દિશામાં વવાય છે જેથી બપોર પછીનો વધુ ગરમ તડકો તળાવ પર પડતો અટકે. તળાવમાં પાણી સાચવે એવી એક્વા વનસ્પતિ, નાના ફ્લોટિંગ બોલ કે ખાસ પ્લાસ્ટિક જેવું તળિયે આવરણ કરી શકાય છે. તળાવ સુક્કું હોય ત્યારે એને તળિયે એવું આવરણ લગાવાય છે.
વરસાદ એટલે દરિયાનું આકાશમાંથી પડતું વિશાળ મોજું અને ગરમી એટલે એ મોજાનું પરત જવું. એ ચક્ર આપણા મોસમી પ્રદેશોમાં ચાલ્યા કરે છે અને જળ છે તો જીવન છે.
તો આવો મેઘરાજાને આવકારવા તૈયાર થઈ જઈએ ગાઈએ "આવ રે વરસાદ"
-સુનીલ અંજારીઆ, અમદાવાદ.

કેળવણી એ જીવન વ્યાપી વસ્તુ છે. કેળવણીમાં ઊંડાણ અને વિસ્તાર બંને જોઈએ. ઊંડાણ ન હોય અને વિસ્તાર થાય તો ઝાડ ઊથલી પડે એકલું ઊંડાણ હોય અને વિસ્તાર ન હોય તો ફળ ના બેસે. - નાનાભાઈ ભટ્ટ

"Father's Day" નિમિત્તે

# વજ્રાદ્અપિ કઠોરાણી, મૃદુની કુસુમાદ્અપિ

વાત મારા બાલ્યકાળની છે. અમારું બા, બાપુજી, મોટા બાપુ, મોટા બા, હું તથા મારો ભાઈ સાથે મુંબઈમાં રહેતા. અમારા મોટા બા ને કોઈ સંતાન નહોતાં એટલે અમે એમના સંતાનનો પ્રેમ પામતા. મારા બા, તેમજ બાપુજી એમનો ખુબ આદર કરતા, અને એમને ક્યાંય ઓછુ ન આવવા દેતા.

મારા બાપુજી ખૂબજ શિસ્ત પ્રિય, કડક, અનુશાસનવાળા હતા. ઘરમાં તેમજ સમાજમાં તેમનું માન ને દબદબો હતો. કોઈ એમની ઉપરવટ જવાની કોશિષ ન કરતું. બાપુજીનો પ્રભાવ સિંહ જેવો હતો. ચાલે તો ધરણી ધ્રુજે, બોલે તો પડઘા પડે, એટલે કોઈ એમની અવગણના ન કરી શકતું.

મેં ૫મું ધોરણ પુરું કર્યુ ને ૬ઠા ધોરણમાં આવી, ત્યાર પછી મારી સ્કૂલ બદલાઈ ને મારું એડમિશન અમારા એરીયાની જાણીતી ઉચ્ચ માધ્યમિક સ્કૂલમાં થયું.

નવી સ્કૂલ નવું વાતાવરણ, નવા સહપાઠી,નવા ટીચર્સ બધા સાથે હું એડજેસ્ટ થવા
ની કોશિષ કરતી હતી. એમાં આ વર્ષે મારે એક નવા વિષય સંસ્કૃતનો ઉમેરો થયો હતો. આ સ્કૂલમાં તો એ ૫મા ધોરણથી જ આવી ગયું હતું પણ મારા માટે નવો વિષય હતો. જેના ટીચર "આશા મેડમ" હતાં. તેમને ભણાવવામાં બહુ રસ ન હતો. એ LIC ના એજન્ટ તરીકેનું કામ પણ સાઈડમાં કરતાં. એટલે એ ક્લાસમાં થોડું ઘણું ભણાવી, પોતાનું કામ કરવા લાગી જતાં, કે ફોન કોલ એટેન્ડ કરતાં. આવામાં મારી સ્થિતિ કફોડી થતી. સંસ્કૃત મારી ઉપરથી જતું. કોઈ ભણાવવાવાળુ નહીં, કોઈની મદદ નહી, ટીચરને કોઈ રસ નહીં. એતો કહેતાં, ન સમજાય તો બજારમાં ગાઈડ મળે છે, જે દ્વારા તમારું કામ કરી લો. બીજી છોકરીઓ તો ગાઈડ લઈ ને ભાષાંતર વગેરે કામ કરી લેતી પણ હું એ ન કરી શકી...કારણ કે મારે માટે તો એ ચોરી હતી.

હું બાપુજીના સ્વભાવથી પરિચિત હતી. એમને આ બિલકુલ ન ગમે. પરિણામે પહેલી ટેસ્ટમાં સંસ્કૃતમાં મારું સાવ નબળું પ્રદર્શન રહ્યું. બહુજ ઓછા માર્કસ આવ્યા. ને હું fail થઈ.

મારે મારા રિઝલ્ટ પર પપ્પાની સાઈન કરી ને લાવવાની હતી. મારા બાપુજી તો ભણેલા હતા. ગણિત , ઈંગ્લિશ, સંસ્કૃતના સાક્ષર હતા. એતો ઘરનો ધંધો હતો એટલે એમને એમાં જોડાવું પડ્યુ હતું. આ બાજુ રોઈ, રોઈ ને મારા બુરા હાલ થયા હતા. આંખો સુઝીને દડા જેવી થઈ ગઈ હતી.

મારી બાએ 'એ જોયુ, ને મને કારણ પૂછ્યું. હું તો એને વળગી ને રડી જ પડી, ને રડતાં રડતાં બધી વાત કરી. 'બા' એ મને કહ્યું, અરે, તેં મને પહેલા કેમ ન કહ્યું? એટલું સંસ્કૃત તો મને પણ આવડે છે કે હું તને કરાવી શકું. મારી બા પણ મેટ્રિક પાસ હતી. પણ ઘરનો વિસ્તાર, વ્યવહાર, મહેમાનોની અવર જવરમાં એ અમારા પર ધ્યાન દઈ શકતી નહી. એણે મને સમજાવી, પડખામાં લીધી અને એ બાપુજી સાથે વાત કરશે એમ કહ્યું. હું એમની પાસે જતાં ડરું છું એમ પણ મેં કહ્યું.

સવારે બાપુજીએ મને બોલાવી. હું ધીમે પગલે બા સાથે એમના રુમમાં ગઈ. બાએ મારું રિઝલ્ટ બતાવ્યું. બાપુજીએ મારી સામે ધ્યાનથી જોયું અને પૂછ્યું કે આમ કેમ બન્યું? બીજા બધા વિષયમાં તો

સારા માર્કસ છે ! સંસ્કૃતમાં જ આટલા ઓછા ?

હું રડવા લાગી. બાએ બધી વિગતે વાત કરી. અને સંસ્કૃત મારા માટે નવો વિષય છે, અને એમાં ધ્યાન દેવાની જરુર છે. એમ પણ કહ્યું.

બાપુજી એ કહ્યું, "લાવ હમણાં સાઈન કરી આપું છું, પણ એક શરતે.... કાલથી દરરોજ મારી પાસે કલાક સંસ્કૃત ભણવા બેસવું પડશે."

બીજે દિવસે બધાના આશ્ચર્ય વચ્ચે બાપુજી દુકાનથી વહેલા આવી ગયા. અને મને સંસ્કૃતની ચોપડીને નોટ લાવવા કહ્યું. ...પછી તો પહેલા પાઠથી શરુઆત થઈ ગઈ. દરેકે, દરેક પાઠમાં આવતા સન્ધિ વિચ્છેદ, ભાષાન્તર વ્યાકરણ, રુપ બધું વારાફરતી રિવીઝન થવા લાગ્યું. બાપુજી રસ પૂર્વક સમજાવતા હતા અને હું પણ સમજતી હતી. બધા રુપ ૫-૫ વાર લખ્યાં. યાદ કર્યાં. આ ગોખણપટ્ટીનું જ્ઞાન નહીં, મૂળ સંહીતનું જ્ઞાન હતું. આથી મારી વિષય ઉપર પાકી પક્કડ બેસી ગઈ. હવે તો હું ક્લાસમાં પણ આંગળી ઊંચી કરી જવાબ આપવા લાગી. બાપુજીની મહેનત રંગ લાવી. પરીણામે હવે બીજી ટેસ્ટ નો વારો આવ્યો. ત્યારે મારું પેપર સારું ગયું. મને બધું આવડતું હતું. અને હું સારા માર્કસ થી પાસ થઈ. 'આશા મેડમે ' પણ પ્રશંસા કરી.

> સાચો શિક્ષક બાળકોને ભૂતકાળનો ખ્યાલ આપીને ભવિષ્યના દરવાજા સુધી પહોંચાડે છે.આજ સુધી દુનિયાએ શું કર્યું તેનો ખ્યાલ આપીને આવતી કાલે માનવજાતે શું કરવાનું છે તેનું સૂચન કરે છે.– સાને ગુરૂજી

સાંજે હું બાપુજી ના ઘરે આવવાની રાહ જોવા લાગી. જેવા એ આવ્યા હું પાણી ના ગ્લાસ ને રિઝલ્ટ ના કાર્ડ સાથે હાજર થઈ ગઈ. પગે લાગી ને રિઝલ્ટ બતાવ્યું. બાપુજી એ ખુશ થઈ ને શાબાશી આપી. માથે હાથ ફેરવ્યો. અને ઉમેર્યું આવતી વખતે પૂરેપૂરા ૧૦૦ માંથી ૧૦૦ આવવા જોઈએ. આ વખતે આ થોડી જોડણી ની ભૂલો છે એના માર્કસ કપાયા છે. હવે એ પણ ન થાય એનુ ધ્યાન રાખવાનું છે, જે તું કરી શકશે. હવે આગળ ક્યારે પણ ક્યાંય અટકવાનું નહીં અટકે તો મારી પાસે આવજે.

એમના લાગણીભર્યાં વચનોથી મને આગળ વધવાની પ્રેરણા મળી. અને પછી તો હું ક્યારેય અટકી નહીં. ૧૧ th બોર્ડની પરીક્ષામાં સંસ્કૃતમાં Distinction સાથે પાસ થઈ. આગળ જઈ ને આર્ટસ લીધું જેમા સંસ્કૃત સાથે B. A ને M. A પણ કર્યું. ચોપાટી ભવન્સ કોલેજની લાયબ્રેરીમાં જોડાઈ. એમાંથી **रघुवंशम**, **विकृमोवर्शियम**, **स्वपन वासव दत्तम** જેવી અનેક સાહિત્ય રચનાઓનો લાભ લીધો. લગ્ન પછી પણ સંસ્કૃતની શિક્ષિકા રહી ને અભ્યાસ ચાલુ રહ્યો.

મુદ્દાની વાત એ છે કે આ બધી પ્રગતિની પાછળ મારા બાપુજીનું પ્રોત્સાહન હતું...એમના સ્નેહની સરવાણી હતી,એ કડક દેખાતાં વ્યક્તિની અંદરનું કોમળ વ્યક્તિત્વ જોવા મળ્યું. જો એ વખતે એમણે મને વઢી ન હોત તો...!! હું ક્યારેય આ જગ્યાએ પહોંચી ન હોત. આ બધુ યાદ કરતાં મને એક ઊક્તિ યથાર્થ થતી લાગેછે - "**वज्राद्अपि कठोराणी , मृदुनी कुसुमाद्अपि। "**

--ભારતી હાથી (જોધપુર રાજ.) Mo. ૯૮૨૮૨૮૮૧૯૮

## ◂◂ ABM TRAVELS ▸▸

Discover your choice of destination in 2024,
we will make customized tour plan as per your requirement with
choice of selected hotels/resorts, top conditioned AC vehicles
with courteous drivers and lots of sightseeing for your comfortable
and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

● Shimla Manali ● Dalhousie ● Dharamshala ● Amritsar ● Vaishnodevi
Ladakh ● Kashmir ● Nainital ● Corbet ● Mussoorie ● Darjeeling
● Gangtok ● Ooty Coorg ● Kerala ● Lakshadweep ● Andaman
● Guwahati ● Shilong ● Arunachal ● Rajasthan ● MP ● south India ● Goa
■ Nepal Dubai ■ Singapore ■ Thailand ■ Malaysia
■ Bali ■ Maldives ■ Mauritius ■ Vietnam

Religious places and many more.

**Avinash Mehta**
9820817318
abmtravels@gmail.com


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.


**નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ**
**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,**
**સિદ્ધપુર(પાટણ)**
**ફોન : ૦૨૭૬૭–૨૨૧૯૩૫**
**મો. ૯૮૨૪૩૧૧૬૦૯/૮૮૪૯૦૦૨૭૬૯**


**ખાસ નોંધ લેશો કે...**જાન્યુઆરી માસથી બરછી પોસ્ટ/કુરિઅરના વિકલ્પમાં આપે જે રીતે લવાજમ ભર્યુ હોય તે મુજબ મોકલવામાં આવે છે. મેઈલીગ પ્રોગ્રામમાં પણ પોસ્ટ/કુરિયરના વિકલ્પ મુજબ બંનેની અલગ એડ્રેસ સ્લીપની પ્રિન્ટ નીકળે છે. વોટસએપનો ઓટો મેસેજ પણ મેઈલીગ લીસ્ટ માંથી પહોંચ રૂપે મોકલવામાં આવે છે. છતાં મારી શરતચૂકથી રીન્યુ કરવામાં ભૂલ થઈ હોય અને અંક કુરિયરને બદલે પોસ્ટથી મળે કે ન જ મળે તો, કે સરનામામાં ફેરફાર હોય તો શકય હોય તો ગ્રાહક નંબર અથવા નામ સાથે તુરત જાણ કરવા વિનંતી છે.જેથી કુરિયરને જાણ–ફરિયાદ પણ–કરી શકાય. ફરીથી/બીજા માસના અંક સાથે મોકલી શકાય. સમાચાર,લગ્ન વિષયક જાહેરાત, અન્ય માહિતી મને ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર મોકલી શકો છો.–તંત્રી.

**BOOK POST**


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.